

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કુદરતના વિરોધથી ઠંડીમાં ઠાર થાય છે!*
*અમારા કાયદાના વિરોધે પણ ઠાર થાય છે!*
*ને ઠાર થાવ છો મોંઘવારીનું નિશાન બનીને -*
*આમ, સત્તાને કુદરતનો મૂઢ માર ખાવ છો!*

**હાઈકુ**

*સમૃદ્ધ છતાં -*
*માગે છે અનામત !?*
*ભાવમાં ટેકા !!*
*(પાટીદાર સંમેલન)*

*સરકારનું,*
*ખેડૂતો ને ઉદ્યોગો -*
*કરે શોષણ...*
*(છેતરપીંડી દ્વારા)*

## ચિંતન

*આ રોહતાયુર્જરસં વૃણાના અનુપૂર્વ યતમાના યતિષ્ઠ ।*
*ઈહ ત્વષ્ટા સુજનિમા સજોષા દીર્ઘમાયુ: કરતિ જીવસે વ: ॥*

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

પરમાત્માએ આ સંસારમાં બધાને દીર્ઘાયુષ્ય આપ્યું છે, પરંતુ મનુષ્ય અયોગ્ય આહારવિહાર દ્વારા પોતાનું આયુષ્ય ઘટાડે છે. એટલા માટે દરેક મનુષ્યનો ધર્મ છે કે તે નિયમપૂર્વક જીવન જીવીને પૂર્ણ આયુષ્ય પ્રાપ્ત કરે. યશસ્વી અને સર્વશ્રેષ્ઠ બનવાનો સર્વોત્તમ માર્ગ છે આપણા જીવનને દોષ દુર્ગુણોથી બચાવવું અને રાક્ષસી વૃત્તિઓનું સંપૂર્ણરીતે દમન કરવું.

આપણે હંમેશા આપણી સમીક્ષા કરીને અને ન્યાયધીશ બનીને દુરાચારો કરતા રહેવાનું સાહસ કરી શકે છે. તે પાપકર્મોના પ્રલોભનોથી પોતાને બચાવી શકે છે. દૈવીગુણોથી દિવ્યતા આવે છે તથા સુશીલતા, તેજસ્વીતા અને પ્રાણશક્તિમાં વૃદ્ધિ થાય છે.

કરુણા, દયા, પ્રેમ, ઉદારતા, સરસતા, શિષ્ટતા અને વિનયના પ્રભાવથી વ્યક્તિમાં ચમક આવે છે અને તે સમાજમાં અગ્રણી હોવાનું સન્માન મેળવે છે. દિર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવાનું આ જ સાધન છે.

## સુવિચાર

- કદમ કદમ પર ઈમ્તેહાન રખતી હૈ, એ જિંદગી તૂ મેરા કિતના ધ્યાન રખતી હૈ - **પરવેઝ જેસિયા**
- બચવાનો વિચાર કરનારા કેટલા દિવસ બચી રહેવાનો છે? બચવાના ઈલાજ શોધવા કરતાં આવતા તોફાન સાથે બાથ ભીડીને લડી લેવાનું હું વધુ પસંદ કરું છું - **દાગ હેમરશીલ્ડ**
- બુદ્ધિનું પહેલું સંતાન એ સાવચેતી છે - **વિક્ટર હ્યુગો**
- એ સાચું છે કે જ્ઞાની બોલે છે અને એ પણ એટલું જ સાચું છે કે ડહાપણ મેળવવા માટે શ્રોતા પણ બનવું જોઈએ - **સંત ડેનિયલ**
- અનુભવોના આધાર પર સિદ્ધાંત બને છે જે કદી ન ભૂલશો - **ઓશો**
- આત્માની કોઈ પણ ચીજ ખરીદવા માટે ધનની જરૂર નથી પડતી - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ - કોકમને દહીંની મલાઈમાં પીસી તે સવાર-બપોર-સાંજ-રાત ખાવાથી દૂઝતાં હરસ મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

એક સંગીતપ્રેમી શ્રીમંત પરિવાર હતો. એમાં નાનકડો ચંચળ તોફાની બાળક હતો. આ પરિવારે એક રૂમમાં સંગીતના સાધનો વસાવી સરસ રીતે ગોઠવ્યા હતા. એક ભવ્ય સિતાર, સિલ્કના કપડામાં વીંટળાયેલું મૃદંગ સુંદર ખોખામાં સજાવેલ વાયોલીન વગેરે હતા. એમાં ખાલી એક વાંસળી કોઈ પણ જાતની આવરણ વિના જમીન પર પડી હતી. આ તરફ સિતાર, મૃદંગ વાયોલીનને જરા આપવડાઈ હતી. અને એમને મન વાંસળીનું જાણે કોઈ મૂલ્ય ન હતું.પેલો તોફાની બાળખ એક વાર એ રૂમમાં જઈ ચડ્યો. એણે સિતારના તાર ખેંચવાની કળ કાન ખેંચતો હોય એમ ખેંચી નાખી. મૃદંગના સિલ્કને ફેંકી બે બાજુથી જોરથી થપાટ મારવા લાગ્યો. વાયોલિનના તાર પર જોરથી મુક્કા માર્યા. પણ કંઈ મજા ન આવી. છેવટે વાંસળી હાથમાં લીધી થોડી ફુંક મારી. અને બધું એમ જ મૂકી ત્યાંથી ચાલ્યો ગયો. સંગીતરૂમમાં વાદ્યો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. ભવ્ય સિતાર બોલી, આ તોફાની બાળક તો મારા કાન ખેંચી ગયું અને મને તો માઠું લાગ્યું. 'મૃદંગે કહ્યું, 'સિતાર, તું હંમેશા અકડાઈમાં રહે છે એટલે તારા કાન ખેંચવા જ પડે ને...!! સિતારે કહ્યું, 'તો પછી તમે એ બાળકની થપાટો કેમ ખાધી?' મૃદંગ શું બોલે ? પણ વાંસળીએ કહ્યું 'ભાઈ મૃદંગ તું ભલે સીલ્કથી મઢેલું છે પણ અંદર તો પોલંપોલ છે. એટલે થપાટો ખાવી પચી.' સિતાર, મૃદંગ અને વાયોલિને એક સાથે વાંસળીને પૂછ્યું, 'તો બોલ, તારામાં એવું શું છે ખાસ છે કે, નાના બાળકે તને ચૂમી ભરી વહાલ કર્યું.' વાંસળીએ કહ્યું, 'અકડાઈ હોય, પોલાણ હોય કે છેદ, કોઈને કોઈ ત્રુટિ તો બધામાં હોય જ છે. મારામાં તો સાત-સાત કાણા છે. પણ મારી ત્રુટિ હું કદી છુપાવતી નથી, જે છે, જેવી છું એવી જ પ્રગટ થાઉં છું, મારી ખામી કે ખૂબી બધું ખુલ્લું છે.'

# દિલ્હીની ચૂંટણી : વધુ એક લિટમસ ટેસ્ટ

**તંત્રીસ્થાનેથી...**

મહારાષ્ટ્ર અને ઝારખંડમાં પડેલા ઘસારા પછી ભારતીય જનતા પાર્ટી સામે વધુ એક પડકાર આવી પડ્યો છે. ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયાના અંતે દિલ્હી વિધાનસભાની ચૂંટણી જાહેર થઈ છે. ૨૦૧૫ની સાલમાં કેજરીવાલની પાર્ટી 'આપ' સિત્તેર પૈકીની સડસઠ બેઠકો મેળવી સત્તારૂઢ થઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સામી છાતીએ પડકારે એવો એક પ્રમાણમાં યુવાન હિંદીભાષી વ્યક્તિ ઊપસી રહ્યો હતો પરંતુ એણે જરા વધુ પડતી ઉતાવળ કરી, વિવાદાસ્પદ લાગે એવાં વિધાનો અને સમાધાનો કર્યા; એથી એકાએક અંકાશે ચડી રહેલલ એની લોકપ્રિયતાનો પતંગ વારાણસીમાં મોદી સામેની ઉમેદવારી કરતી વખતે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી વખતે કપાઈ ગયો હતો. જો કે દિલ્હી નગરરાજય પૂરતી એની લોકપ્રિયતા અકબંધ રહી હતી અને અણ્ણા હજારે આંદોલનનાં જ એક સક્રિય અગ્રણી તથા દેશનાં પ્રથમ આઈપીએસ મહિલા તરીકે સેલિબ્રીટી વેલ્યુ ધરાવતાં કિરણ બેદીને મુખ્યમંત્રી પદનાં ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ કરવા છતાં પ્રજાએ કેજરીવાલને અણધારી બહુમતી આપીને શાસન સૂત્રો સોંપ્યા હતા. ત્યાર પછીની કેન્દ્ર અને દિલ્હી શાસન વચ્ચેની ટકરામણ પર આખી નવલકથા લખી શકાય એવી અનેક કૂટનીતિક અને રાજનીતિક ઘટનાઓ બની છે. કેજરીવાલને ઊગતા જ ડામી દેવા માટે થઈ શકે તે દિલ્હીની સાચી કાયાપલટ તો શીલા દીક્ષિતના પંદર વર્ષના નેતૃત્વ દરમિયાન થઈ હતી. કૌભાંડોમાં સંડોવણી ઉપરાંત અણ્ણા હજારેના આંદોલન અને નિર્ભયાકાંડ જેવી ઘટનાઓથી કોંગ્રેસને ભુંડો જાકારો મળતો રહ્યો. છેલ્લે ૨૦૧૫ની ચૂંટણીમાં કોંગ્રેસ શૂન્ય બની ગઈ હતી. શીલા દીક્ષિતને ફરી એક વાર ચૂંટણીનું સુકાન સોંપવાનો કોંગ્રેસનો નિર્ણય પણ ફળદાયી ન રહ્યો. લોકસભાની ૨૦૧૯ની ચૂંટણીમાં દિલ્હીની તમામ સાત બેઠકો ભાજપની ઝોળીમાં પડી જતાં આ વખતની વિધાનસભાની ચૂંટણી ત્રણેય રાજકીય પરીબળો માટે લીટમસ ટેસ્ટ બની રહેવાની સંભાવના છે. આમ આદમી પાર્ટીમાંથી ઘણા કાર્યકરો આઘાપાછા થયેલ છે. ઘણાની સામે કેસ થયા છે. કોંગ્રેસ રાખમાંથી બેઠી થવા પ્રયાસ કરશે અને ભાજપ માટે તો નાકનો સવાલ છે જ. 'અચ્છે રહે પાંચ સાલ - ફિર એક બાર કેજરીવાલ' નો નારો પ્રજામાં કેટલો ક્લિક થાય છે તે જોવું રસપ્રદ બની રહેશે. કેજરીવાલ અને મનીષ સિસોદિયાની જોડી ઝુઝારુ છે. એમની પાસે દૃષ્ટિ પણ છે. પરંતુ દિલ્હી અધુરું રાજ્ય છે - એટલે પોલીસ સહિતની બાબતો કેન્દ્ર હસ્તક છે. દિલ્હીના પ્રદૂષણની સમસ્યા અકબંધ છે. સુપ્રીમ કોર્ટે તો એને ગેસ ચેમ્બર સાથે સરખાવી દીધેલ છે. મોદી-શાહની પ્રતિષ્ઠાની જેમ જ રાહુલ-પ્રિયંકા-સોનિયાની છે અને કેજરીવાલ-સિસોદિયાની આબરૂ દાવ પર મુકાઈ છે. દિલ્હી ભલે નાનું નગરરાજય હોય, પણ આખરે એ દેશની રાજધાની છે.

# કાચબા સાથે કાચબી રાખો...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

તેણે જે દિવસથી એવું સાંભળેલું કે રોહિણીબહેનના ઘરમાં જે દિવસથી કાચબો આવ્યો છે. તેના પછી તેમના બાળકોની ખુબ જ સારી પ્રગતિ થઈ છે. અને ઘરમાં પણ સુખસમૃદ્ધિ વધી છે. તે દિવસથી મેઘનાને પણ એમ થયું કે મારે ઘેર પણ કાચબો હોવો જોઈએ. પણ તે ક્યાંથી મળે તેની તેણે જાણ ન હતી. આજુબાજુ પાડોશમાં પૂછપરછ કરી. પણ કાચબાનો ક્યાંય પત્તો લાગતો ન હતો.

એક દિવસ તે તેની દીકરીની સાથે એક્ટીવા પર જઈ રહી હતી. ત્યાં અચાનક તેની નજર રસ્તા વચ્ચે ધીમી ચાલે ચાલતા કાચબા પર પડી. પછી તો કહેવું જ શું ? તેના મનની ઈચ્છા પુરી થતાં જોઈ દીકરીને એક્ટીવા રોકવા કહ્યું.

'બેટા જરા ઊભી રહેને....'

'કેમ, મમ્મી શું થયું ? મારે ટ્યુશનમાં જવાનું મોડું થાય છે.'

'અરે બેટા જો સામે શું છે ?'

દીકરીએ એક્ટીવાને બ્રેક લગાવી અને રસ્તા પર જતા કાચબાને જોઈ બોલી.

'મમ્મી, કાચબો છે, પણ હું તેને ચગદી નાંખવાની ન હતી. તે તેના રસ્તે ને આપણે આપણા રસ્તે...'

'અરે, ના બેટા. એમ નહીં, હું કેટલાય દિવસથી કાચબાને શોધતી હતી. આજે મળી ગયો.' કહેતા તે ઝટપટ એક્ટીવાની પાછળની સીટ પરથી ઊતરી હળવે રહીને કાચબાને પકડી લીધો. તેણે જાણે કે પોતાનું ખોવાયેલું બાળક મળી ગયું હોય એમ. અને હળવે હાથે તેની પીઠ પર સ્પર્શ કરતાં કાચબાએ તેનું મોં અને પગ અંદર લઈ લીધા. મેઘનાએ તેને દુપટ્ટાથી ઢાંક્યો અને એક્ટીવા પર સવાર થઈ ગઈ. એક્ટીવા એ ફરી ગતિ પકડી.

દીકરી માના વર્તનથી આશ્ચર્યચકિત થઈ ગઈ. કેમ કે તેને ખબર હતી કે કાચબો વન્યજીવ સૂચિમાં ભયગ્રસ્ત શ્રેણીમાં આવે છે. જો તેની કોઈને ખબર પડી જાય તો એક કરતાં બીજું થાય. પ્રાણી અત્યાચારનો ગુન્હો પણ લાગે.

તો બીજી તરફ તેની મમ્મી કહેતી હતી કે, 'હું ઘણાં લાંબા સમયથી કાચબો ક્યાંથી અને કેવી રીતે મળે તે માટે પ્રયત્ન કરતી હતી. અને આજે રસ્તે જતાં મળી ગયો.' 'બેટા, ઘરમાં કાચબો રાખવો એ સમૃદ્ધિનું પ્રતિક છે.'

દીકરી નૈવિશાએ એક્ટીવાની ગતિ વધારી અને બંને ઘેર પહોંચ્યા.

ઘેર પહોંચતાં જ મેઘનાએ તેને સ્વચ્છ જળથી સ્નાન કરાવ્યું. કંકુ, અબિલ ગુલાલ અને ચોખાથી તેની પૂજા અર્ચના કરી. અને નવા ટબમાં પાણી ભરી તેમાં કાચબાનો મૂક્યો.

આ બધું આજુબાજુનાં બાળકો કવિશા, શ્વેતા, સોના, ભવ્યા, શ્રીનિધિ, ઈશા, મેઘા, સેજલ બધા જોતા હતા. ત્યાં તો બબલુ અને લાલુ જઈને તેના માટે કાકડી, દુધી અને થોડું ઘાસ લઈ આવ્યા. તેઓ એ બધું ટબમાં નાંખીને કાચબાને ખાવાનું કહી રહ્યા હતા. 'ખા... ખા... તને ભૂખ લાગી છે ને ?'

મેઘના કાચબા માટે હવે રાતે ઉજાગરા કરવા લાગી. જેમ માતા બાળક માટે કરે છે એમ જ.

બીજા દિવસે પાડોશણ જયોતિ આવી. તેણે કાચબાની સુંદરતા, સમજદારીના વખાણ કર્યા. અને મેઘનાને કહ્યું, 'એક વાત કહું, જો તને ખોટું ન લાગે તો...'

મેઘનાએ તેની વાત શું છે તે જાણવાની આતુરતા થઈ તે બોલી. કહોને, શું છે ?

જો આની સાથે માદા કાચબાને રાખીએ તો બંને ખુશખુશાલ રહે. એકબીજાના સુખદુઃખ વહેંચે અને મજાથી રહે. તું જ વિચાર કર જયારે નિર્જીવ ચીજો પણ સાથે હોય તો એમને ગમે છે. જેમ કે પાટલો વેલણ, ટાયર-ટ્યુબ, ખુરશી-ટેબલ અને આ તો સજીવ છે. તે તેના માદા સાથી વિના જો ને કેવો દુઃખી લાગે છે. કંઈક કરવું જોઈએ.

મેઘનાને વાત સાચી લાગી. તે માદા કાચબીને શોધમાં લાગી ગઈ. પતિને પણ કહ્યું, 'ગમે તે કરો આના માટે કાચબી લાવી દો.'

તેને ઘણીવખત વિચાર આવતો, શું આ બધું સાચું હશે. માત્ર 'ભ્રમ' તો નહીં હોય ને...

# પોતાની જાતને પૂર્ણ માનવાની અને અન્ય લોકોમાં પૂર્ણતા ઝંખવાની માણસની વૃતિ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક સુંદર મજાની કથા છે. મધ્યમ વર્ગનું એક દંપતી. તેમનો તરુણ વયનો એક દીકરો. દિકરાનું નામ બુધ્ધિ. દિકરો જન્મથી જ ઓટીઝમના રોગથી પીડાતો હતો. આ રોગને કારણે તે શારીરિક અને માનસિક રીતે ખૂબ જ નબળો હતો. તેને કારણે તે અભ્યાસમાં પણ ધ્યાન આપી શકતો ન હતો. કહો કે અભ્યાસ પ્રત્યે તેને જરા પણ રુચિ ન હતી. બુધ્ધિના આ રોગને કારણે ઘણીવાર બુધ્ધિ પોતે અને તેના મા-બાપને શરમજનક પરિસ્થિતિમાં મૂકવું પડતું હતું. બુધ્ધિની શાળામાં તેના મા-બાપને અપમાનિત થવું પડતું હતું. એ દંપતીનાં મિત્રો, સ્નેહીઓ, સંબંધીઓ તેમની ઘણીવાર હાંસીપાત્ર બનતા હતા. આ રીતે પુત્રની બીમારીને કારણે દંપતિને ઘણુ સહન કરવું પડયું હતું. પુત્રની માનસિક નબળાઈ થકી દંપતી હમેશાં પરેશાન રહેતું હતું તેને કારણે દંપતીને પણ એકબીજા વચ્ચે નાની નાની બાબતોમાં ઘણીવાર ઝઘડાઓ થતાં હતા. જો કે બુધ્ધિ માનસિક રીતે નબળો હતો પણ તે ખૂબ જ સારા ચિત્રો બનાવી શકતો હતો. તે મેથેમેટીક્સમાં સાવ ઝીરો હતો તેને કારણે મા-બાપને ઘણીવાર કફોડી સ્થિતીમાં મુકાવું પડતું.

એક દિવસ ટેલિવિઝનના એક કાર્યક્રમ દ્વારા બુધ્ધિના પિતાને જાણ થાય છે કે કોઈ એક ડૉક્ટરે આ પ્રકારના દર્દીઓ માટે 'બ્રેઈન બુસ્ટર' નામની રસી શોધી છે. એ રસી એવી હતી કે જેનું દર્દીને ઈંજેક્સન આપવાથી દર્દીના માનસિક કોષો ઉત્તેજીત થઈ જાય અને તેમની બુધ્ધિ શક્તિ ખીલી શકે. પિતાએ એ ડોકટરનો સંપર્ક કર્યો, બ્રેઈન બુસ્ટર મેળવ્યું અને તેનું ઈંજેકશન દિકરા બુધ્ધિને આપી દીધું. બ્રેઈન બુસ્ટરની બુધ્ધિના માનસ ઉપર સારી એવી અસર થાય છે. તેને કારણે તેનું મગજ, તેની બુધ્ધિશકિત સતેજ બને છે અને થોડા જ સમયમાં બુધ્ધિ પોતાની જાતને એક હોંશિયાર અને બુધ્ધિમાન વિદ્યાર્થી તરીકે સાબિત કરે છે.

બ્રેઈન બુસ્ટરની રસી આપ્યા પહેલા જે બુધ્ધિ ખૂબ જ સારા ચિત્રો બનાવતો પણ મેથેમેટીક્સમાં સાવ ઝીરો હતો એ જ બુધ્ધિ ચિત્રો બનવવાનું છોડી દે છે પણ મેથેમેટીક્સમાં તેની રુચિ કેળવાય છે અને મેથેમેટીક્સમાં ખૂબ જ પ્રવીણ સાબિત થાય છે. થોડા જ સમયમાં મેથેમેટીકસની ઘણી બધી પ્રતિયોગિતાઓ જીતે છે. બુધ્ધિ મેથેમેટીસિયન તરિકે ખ્યાતિ પામે છે. તેમની મેથેમેટીક્સ અને ઝડપી ગણતરીની કુશળતાને કારણે લોકો તેને આર્યભટ્ટનું બિરુદ આપે છે. મા-બાપ પોતાના દીકરા બુધ્ધિની બુધ્ધિશકિતનું ગૌરવ લે છે.

બ્રેઈન બુસ્ટર થકી બુધ્ધિની મગજ શક્તિ સતેજ થાય છે પણ સાથે સાથે તેની એક ભયંકર આડ અસર પણ થાય છે. એ દવાને કારણે તેના મગજને હાનિ પહોંચે છે જેને કારણે બુધ્ધિની સ્મરણશકિત એકદમ નબળી પડી જાય છે. મેડિકલ સાયન્સમાં આ પ્રકારના રોગને સ્મૃતિભ્રંશ (એમ્નેસિયા) કહે છે. બુધ્ધિ આ રોગનો ભયંકર શિકાર બની જાય છે.

સ્મૃતિભ્રંશ જેવા રોગને કારણે બુધ્ધિ તેનાં મિત્રો, સગા-સંબંધીઓ અને ખુદ પોતાના મા-બાપની ઓળખ ભૂલી જાય છે. મેથેમેટીસિયન તરીકે તે ખૂબ જ ખ્યાતિ પામે છે અને પૈસો પણ કમાય છે. પોતાની ખ્યાતિ અને પૈસાને કારણે બુધ્ધિની જીવનશૈલીમાં આમૂલ પરીવર્તન થાય છે. તે ઐયાશી જીવન જીવવા લાગે છે. તે ચિત્રો દોરવા બિલકુલ પસંદ નથી કરતો. તેનાં સ્વભાવમાં પણ થોડી વિકૃતિ આવે છે. તે વાતવાતમાં ગુસ્સો કરવા લાગે છે, મિત્રો, સગા-સંબંધીઓ અને મા-બાપને ગાળો આપવા લાગે છે. જાહેરમાં મા-બાપનું અપમાન કરવા લાગે છે. ક્યારેક તો બુધ્ધિ એટલો હિંસક બની જાય છે કે જે હોય તેને, જે હાથ આવ્યું તેનાથી તેના ઉપર હુમલો કરવા લાગે છે અને એ સમયે તેને હાથ ઝાલવો ખૂબ જ ભારે થઈ પડે છે.

એક સમયે દિકરાને ઓટીઝમના રોગથી પીડાતા દીકરા થકી જે મા-બાપ સંકોચ અને શરમ અનુભવતા હતા અને તેને બુધ્ધિમાન બનાવવાના સપનાઓ જોતાં હતા એ જ મા-બાપ હવે બુધ્ધિમાન છતાં હિંસક દીકરાને કારણે કફોડી પરિસ્થિતિમાં મુકાઈ જાય છે. તેમના સપનાઓ ચકનાચૂર થઈ જાય છે. મા-બાપ વિચારે છે કે આ પ્રકારના બુધ્ધિમાન તથા હિંસક દીકરા કરતાં પહેલા જે ઓટીઝમથી પીડાતો બુધ્ધિ હતો એ વધારે સારો હતો. એ દિકરો વધારે સાલસ હતો, વધારે સરળ હતો, વધારે પ્રેમાળ હતો, વધારે સામાજિક હતો અને સંબંધો નિભાવે એવો હતો.

બુધ્ધિના પિતા ફરી પાછા પેલા ડોકટરનો સંપર્ક કરે છે અને મહામહેનતે ડોક્ટરે શોધ કરેલું એક બીજું 'એન્ટી બુસ્ટર' પ્રાપ્ત કરે છે. પિતા પોતાના દીકરાને છેતરીને મહા મહેનતે એ એન્ટિ બૂસ્ટર આપે છે. થોડા સમયમાં દિકરો જેવો હતો એવો જ થઈ જાય છે, દીકરો ફરી પાછો સુંદર ચિત્રો દોરવા લાગે છે, મા-બાપને ઓળખવા લાગે છે. મા-બાપ પોતાના દિકરા સાથે સુખમય જીવન જીવવા લાગે છે.

આ કથા એક ફિલ્મની કથા છે. કૌશિક રોય દિગ્દર્શિત ફિલ્મ 'અપના આસમાન' જેમાં દંપતિ તરિકે ઈરફાન ખાન અને શોભનાએ સુંદર અભિનય આપ્યો છે. બુધ્ધિનું પાત્ર ધ્રુવ પિયુષ પુંજાણીએ ભજવ્યું હતું. આર્ટ ફિલ્મની કેટેગરીમાં આવતી આ ફિલ્મની કથા પણ સાર્થક હતી અને ફિલ્મ પણ એક સાર્થક ફિલ્મ હતી.

માણસનો સ્વભાવ જ એવો છે. માણસ હમેશાં પૂર્ણતા ઝંખે છે. માણસ પોતાને હંમેશા પૂર્ણ માને છે અને અન્ય વ્યક્તિઓમાં હંમેશા પૂર્ણતા શોધતો રહે છે. માણસ પોતે સારી રીતે જાણે છે કે પોતે પૂર્ણ નથી, પોતે ક્યારેય પૂર્ણ બની શકે નહીં છતાં પોતે પોતાની જાતને હંમેશા પૂર્ણ જ માને છે અને અન્ય વ્યક્તિઓ પણ પૂર્ણ હોય એવું ઝંખતો રહે છે. માણસની આ પ્રકારની પોતાની જાતને પૂર્ણ માનવાની અને અન્ય લોકોમાં પૂર્ણતા ઝંખવાની વૃતિની કારણે જીવનમાં અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થતી રહે છે.

**(ક્રમશઃ)**

# જોબ કર્તા કર્મચારી પોતાના પ્રશાસક બોસથી દુઃખી કેમ ?



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

પસાચ-સાંઈઠ વર્ષ પહેલાના ફોટાઓ કે તેના જૂના-આલ્બમ ને તપાસો અથવા મળી જાય ને જુઓ તો ખબર પડે કે વિશ્વમાં પરિવર્તન કઈ વસ્તુ કે ઘટના હોય છે !! ખખડધજ નિશાળો - જર્જરિત કલાસરૂમો, વિલાયતી નળિયા વાળી છતો, હેન્ડપંપો, અને વિશાળ કેમ્પસ ધરાવતા આ માળખામાં ધોતી-ઝભ્ભા અને ટોપીવાળા શિક્ષણ આપતા ગુરુજનો એટલે કે શિક્ષકોની તસ્વીર જોઈ મનને આનંદ થઈ



જાય !! જમાનો જ બદલાઈ ગયો કે માણસ જ બદલાઈ ગયો પરંતુ કંઈક તો એવું બદલાયું છે કે સમાજમાંથી આનંદ નષ્ટ થયો છે. સમયના હાથે ઘટનાઓની રંગોળીઓ હંમેશા નવા નવા સ્વરુપ-રંગમાં રજૂ થતી જ રહે છે. માનવમૂલ્યોની જ હંમેશા ખેવના તથા કિંમતની મહત્તા સૌથી વધુ લેવામાં આવે તો સમાજ ઘડતરની પ્રક્રિયા સ્વયં ઉમદા વિકાસનું સર્જન કરે છે. આઝાદી સમય સુધી તો જે શિક્ષણ આપવામાં આવતું હતું તે ઈંગ્લીશમાં જ જોવા મળતું જૂના પાઠ્ય પુસ્તકો જોઈને વાસ્તવમાં અતિ નવાઈ લાગે છે એ સમયે મેટ્રિક કોઈ થઈ જાય તો એ ઉચ્ચત્તર અભ્યાસનું સ્તર ગણવામાં આવતું !! સમય જતા બધાની ગુણવત્તા કથળતી જ રહી છે તે સ્પષ્ટ અનુભવી શકાય છે. ગુરુજનો સ્વયંને ગુરુની વ્યાખ્યામાં રહેવાની બધી જ કોશિશ કરતાં તો વિદ્યાર્થીઓ પણ ગુરુનું પૂર્ણ માન-સન્માન જાળવતા કેમ કે એ ગુરુ જ જીવનમાં જ્ઞાન ભરતાં ત્યાં બજારું કોઈ અભિગમ ન હતો. જે સારુ ભણી જતા તેને જોબ અવશ્ય મળી જતો કેમ કે સ્પર્ધાત્મક તત્ત્વ નહીવત હતું. આજની દુનિયામાં બધી જ સમસ્યાના મૂળમાં વધતી જતી જનસંખ્યા જ છે. વસ્તી વૃદ્ધિથી જગત આખુ પીડિત થઈ રહ્યું છે. હવે નોકરીઓ શોધવા દઈએ તો પણ મળતીનથી તેમા હજારો મુંઝવણો - પ્રશ્નો, આડશો, વિઘ્નો પ્રવર્તે છે. જેનો અનુભવ હાલ ગુજરાતની પ્રજા કરી રહી છે. જોબ માટેની પરીક્ષાઓ ના પ્રશ્નપત્રો ફૂટી જવા અને આખી પ્રક્રિયાને ખોરવી છે સરકાર નિર્વિઘ્ને આ કામ શા માટે પાર પાડવામાં કાચી પડે છે તે સમજાતું નથી. પરિણામે જગ્યાઓ ખાલી પડી રહે છે તો બીજી તરફ નોકરી મળવામાં મોટો વિલંબ સામે આવી જાય છે.

જોબની શોધમાં જ યુવાધન અતિ પરેશાન છે તેમાં હવે જે નાણાંકીય દૃષ્ટિએ શ્રીમંત પરિવારો છે તે પોતાના સંતાનોને વિદેશોમાં મોકલી રહ્યા છે અને આ પ્રક્રિયામાં વેગ વધ્યો છે જે અતિ ચિંતાનો મુદ્દો છે! વાત અહીં જ કરવી છે એ હાલમાં જે જોબ કરી રહ્યા છે તે બધા જ કર્મચારીઓ શા માટે પોતાના બોસથી અતિ દુઃખી છે કે પીડિત છે ? બહુ જ ચિંતન કરવાનો આ પ્રશ્ન છે. જોબ માટેનું ક્ષેત્ર કયું પસંદ કર્યું છે તેના ઉપર બહુ મોટો આધાર છે. બીજું હવે બધા જ ક્ષેત્રોમાં પરફોર્મન્સનું અતિ મહત્ત્વ થઈ ગયું છે. જે કર્મચારી ને સદા પ્રેશરમાં રાખે છે. બીજું માનવશ્રમનું યોગદાન પ્રતિદિન ડિજિટલ યુગમાં ઘટતું જાય છે. રોટોટ્સ માનવીનું સ્થાન લઈ રહ્યા છે. ચોથું તત્વ છે સ્પર્ધાત્મક માર્કેટ અને ઉત્તમ ગ્રાહક સેવા જે પ્રાપ્ત કરવા માટે બોસ જવાબદાર હોય છે એટલે આ બોસ ખુદ જિંદગીથી દૂર હોય અને તેની જે ટીમ હોય છે તેને પણ શાંતિથી બેસવા દેવાની છૂટ તે મંજૂર કરવા તૈયાર નથી માટે નોકરી કરવી ઝેર થઈ હોય તેવી દશા સર્વત્ર જોવા મળે છે. આ ઉપરાંત કર્મચારીના મંતવ્યને કોઈ સ્થાન નથી તેને તો પાલન કરવામાં જ ધ્યાન કેન્દ્રિય કરવાનું છે તેવું આજે પ્રબંધન માની રહ્યું છે !! જાહેર ક્ષેત્રના સાહસોમાંથી તો ઓછી નોકરી બાકી રહી હોય તેવા કર્મચારીઓ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ રહ્યા છે.

કામના પ્રમાણમાં કર્મચારીઓ અંગે કોઈ વિચારવા પણ તૈયાર નથી એટલે નોકરી આનંદના બદલે વેઠ કરવાની ભેટ આપી રહી છે. જે કર્મચારી પોતાના કર્મને યોગ માની ને પૂરું યોગદાન આપવા કટીબદ્ધ હોય છે તેની વારંવાર બદલી થયા કરે છે, અપમાનો, તિરસ્કાર જેવા નકારાત્મક તત્ત્વોથી શ્રેષ્ઠ લોકો અત્યંત પીડિત થઈ રહ્યા છે. જેના માટે કોઈ સંસ્થા કોઈ સર્વેક્ષણ કરવા પણ તૈયાર નથી, વૈશ્વિક દબાણો જે ઊભા થયા છે તેમાં હવે માનવીય સંવેદના કે વેદનાનું કોઈ સ્થાન બચવા પામ્યું નથી. દલિલ, રજૂઆત, સ્પષ્ટતા વગેરેને શિસ્તહીનતા ગણીને તેની વિરુદ્ધ કામ લેવાની એક પરંપરા શરૂ થઈ ગઈ છે માટે બોસ કોઈને પ્રિય નથી કે બોસ તરીકે પ્રિય થવાની વાત અસંભવ થઈ ગઈ છે!

આજના યુગમાં પ્રામાણિકતા રાખીને સ્વયંની ફરજ અદા કરવી એ પણ એક અગ્નિપરીક્ષા છે. ભ્રષ્ટ બોસના હાથ નીચે કામ કરવાનું આવે ત્યારે કર્મચારીને પીડિત થવામાંથી કોઈ બચાવી ના શકે. નિષ્ઠાવાન કર્મચારી મળવો એ પણ એટલી જ અઘરી પ્રાપ્તિ થઈ ગઈ છે. સામુહિક વિકૃતિઓના તોફાનો વચ્ચે સ્વયંને સુરક્ષિત રાખી જોબ કરવાનું દુષ્કર બની જતું હોય છે. આ ઉપરાંત સમાજે જે સ્વચ્છંદતાઓ સર્જી છે એ નોકરીના સ્થળે પણ પીડાની ભેટ અવશ્ય આપે છે. ભ્રષ્ટાચાર હજી જીવતો રહ્યો છે તેનું કારણ જાહેરમાં બધા તેની વિરુદ્ધમાં વાતો કરે છે તો બીજી તરફ ખાનગીમાં તેને પ્રેમ કરી રહ્યા છે આ કડવી સચ્ચાઈ જોવા મળે છે છેલ્લી મહત્ત્વની વાત છે કે ઈશ્વર અને કર્મશુદ્ધિ વિશે કોઈને ચિંતા નથી કે ડર પણ રહ્યો નથી એ છે. બધાનું યોગ્ય ફળ યોગ્ય સમયે અવશ્ય મળે છે તે વાતમાં પણ શ્રદ્ધા રહી નથી. રામ જેવા રામને વનવાસ થયો ત્યારે એ પોતે ઈચ્છા કરત તો બધેથી મદદ મળી હોત અને તેના જીવનના દુઃખદ દિવસોને એ અતિ સરળ કરી શક્યા હોત પરંતુ રામ ખુદ અવતાર હતા તેણે બધું જ સ્વયં ભોગવ્યું અને સંકટ સામે વાનર અને હનુમાનજીની જેવાની મદદ મેળવી આ વાત અદ્ભુત પ્રેરણા આપી જાય છે. પોતાના કર્મક્ષેત્રમાં સ્વયંના યોગદાનમાં કોઈ બીજા વિકલ્પો મહત્ત્વનાં હોતા નથી ! બોસ થવું એ બહુ પીડાકારક પ્રગતિ છે ત્યારે ન્યાયપૂર્ણ વ્યવહાર પ્રત્યેક કામદાર સાથે થાય એ ખુબ જ જરૂરી છે, કારણ કે શ્રમિક જીવંત ઉત્પાદનનું એક અંગ છે જે એક્યની સ્ટ્રેન્થ (તાકાત) છે તે કદી ભૂલવું જોઈએ નહીં, ભલે ઈન્ટરનેટ આવ્યું પણ કર્મચારી વિના નેટ કંઈ કરી શકે નહીં. સૌજન્યપૂર્ણ વ્યવહારનું સૂત્ર હવે આવશ્યક લાગે છે ! કોઈના આત્મસન્માનને મારવાનું પાપ કરવું નહીં.

**શેર આસ્વાદ :**

**સબકો અપનો કર્મો કા પતા હોતા હૈ**
**યૂં હી ગંગા પર ભીડ નહીં હોતી**